rtmnuonline.com

**NRJ/KW/17/6575**

**Bachelor of Commerce (B.Com.-II) Semester-III Examination**
**GUJARATI**
**Optional Paper—6**
**(Other Language)**

Time : Three Hours] [Maximum Marks : 80

૧. કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો :- 15

(૧) પુસ્તકોની મૈત્રી

(૨) મારો પ્રિય સાહિત્યકાર

(૩) જાહેરખબર વિનાની દુનિયા

(૪) કમ્પ્યૂટરની કમાલ.

૨. (અ) 'શાંતિલાલ મળે તો' તમારા શબ્દોમાં લખો. 8

**અથવા**

'એક શિક્ષકનો પ્રેમપત્ર' તમારા અભ્યાસક્રમનો આધારે આલેખો.

(બ) મીરાંબાઈની દૃષ્ટિએ 'કાનુડે ન જાણી મારી પ્રીત' તમારા શબ્દોમાં લખો. 8

૩. (અ) પૂર્વાપર, સંદર્ભ આપી સમજાવો (કોઈપણ **બે**) :- 8

(૧) 'સૉરી, મારે આ વીંટી વેંચવાની નથી'

(૨) 'આને લાંચ કહેવાય કે નહિં' ?

(૩) 'કાનુડો શું જાણે મારી પ્રીત'

(૪) 'કપટીથી હરિ દૂર વસે. મારા સંતન કેરી પાસ'

(બ) ગદ્યખંડનું વિવરણ કરો :- 8

કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી, પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ આગ ઉત્પન્ન કરીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણના કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જ જીવનને વફાદાર ન રહે તો એમાં પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બન્ને વ્યર્થ થઈ જાય.

rtmnuonline.com

૪. (અ) ટૂંકમાં જવાબ લખો :- 10

(૧) આત્મકથા લખવાનો આગ્રહ કોણે કર્યો ?

(૨) યુધિષ્ઠિરની વિશેષતા લખો.

(૩) પાન ચાવતા ભાઈ આત્મીયતાથી કયો પ્રશ્ન પૂછતા ?

(૪) યક્ષને બૉસે શું આપ્યું ?

(૫) બુદ્ધિમાન પુરુષોની પત્ની વિશેની ધારણ લખો.

(૬) મીરાંબાઈને જગત કેવું લાગે છે ?

(૭) કાનુડાએ કઈ નદીના નીર ઉડાડ્યા ?

(૮) મીરાંબાઈ ચાકરીમાં શું માંગે છે ?

(૯) બ્રાહ્મણ શેના માટે સર્જાયા છે ?

(૧૦) અહિયાં 'દેવળ' કોને કહેવાયું છે ?

(બ) ગુજરાતીમાં અનુવાદ કરો :- 5

Now remember that you are the children of free India. After some time you will finish your education. You will be grown-up and you will have to face great tasks. You will be the leaders of this great country. Many difficult problems will come before you. How will you tackle them? Always try to do better than what we have done. We have yet to make India a great country-great not in size but in the real sense of the world.

(ક) તમે ભૂકંપગ્રસ્ત એરિયાની મુલાકાત લીધી છે - તેનો અહેવાલ લખો. 5

૫. (અ) રૂઢિ પ્રયોગનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો :- 3

(૧) નાક રાખવું

(૨) દાંત ખાટા કરી નાખવા

(૩) જીભ કચરવી.

(બ) યોગ્ય વિકલ્પ શોધી જવાબ ફરીથી લખો :- 5

(૧) યુધિષ્ઠિર હતો....
(૧) અતિ પ્રામાણિક (૨) ઘણો ચતુર (૩) વાસ્તવવાદી.

(૨) સત્તાવીસ નંબરના સ્ટૉપ પર મળે છે....
(૧) કાંતિલાલ (૨) શાંતિલાલ (૩) રમણલાલ.

(૩) વિનોદભટ્ટની જીવનકથાનો નાયક છે....
(૧) અહિંસા (૨) કરુણા (૩) સત્ય.

(૪) મીરાંનો પ્રાણ છે....
(૧) કનૈયો (૨) ગોવિંદો (૩) નંદકુંવર.

(૫) કાનુડાએ પ્રીત નથી જાણી....
(૧) મીરાંની (૨) રાધાની (૩) ગોપીની.

(ક) તમારા મહાવિદ્યાલયના સાંસ્કૃતિક કાર્યક્રમની આમંત્રણ પત્રિકા તૈયાર કરો. 5